૨૯૯૪

ચૈતન્ય વિલાસ.

રચનાર

શોલંકી ભગત કલુ ગોવાણી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

સ્કોલર દેવજી વિ. વાઘજી.

આવૃત્તિ પેહેલી.

अमदावाद मध्ये,

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રી. અને જ.
એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

ઈ. સ. તા. ૯—૧૨—૮૬ સંવત ૧૯૪૩.

કીમત અડધો આનો. (બે ઢીંગલા)

श्रीगणेशायनमः ॥ श्रीगुरुभ्योनमः ॥

श्री चैतन्य विलास.

દોહરા.

હિંદુસ્તાન કચ્છ દેશમે, ભૂજ શેહેરમે વાસ;
કહે કલુ ગુરૂ શેવા કરી, શો પ્રભુ મીલનકી આશ. ૧
સોલંકી વંશ ગોવીંદ સુત, માતુ માલબાઈ નામ;
તાકો પુત્ર કલુ કહે, ગુરૂહે સોનારામ. ૨
તન મન હેત લગાયકે, કીની ગુરૂકી સેવ;
કહે કલુ તબ રીઝકે, દરસાયે નીજ દેવ. ૩
નમસ્કાર ગુરૂ દેવકું, કીજે વારમવાર;
કહે કલુ કીરપા કરી; સમજાઓ મોહે સાર. ૪
સાર સાર સમજકે, અશારકો કીજે ત્યાગ;
કહે કલુ સાર અસારકો, કીનો જીન વિભાગ. ૫
અવગુન તજ ગુન લીજીએ, ગુનમે ગુન જબજોએ;
કહે કલુ મીસરી ધીયમે, કુણી મીઠી હોએ. ૬
પુર્ણ બ્રહ્મ જાકે ચિત બસે, કહે અધેતકી બાત;

કહે કલુ શો સંત હે, ઓર સંતકી જાત. ૭
આપ સમજી ઓરકું સમજાવહી તાકુ સંતજ જાન;
કહે કલુતાથે મલી, લીજે આત્મજ્ઞાન. ૮
માન ગુમાન સબ છોડકે, ચલ જાઇએ સંત પાસ;
કહે કલુ ચરણ પરસતાં, હોય પાપકો નાશ. ૯
દોશ દ્રષ્ટીકું દુર કરી, કપટ રહિત હોજાએ;
કહે કલુ તબ સંતસે મીલે પરીબ્રહ્મ રાએ. ૧૦
બ્રહ્મ મીલનકી ઇચ્છા ભઈ, તબ કીનો સત સંગ;
કહે કલુ વેદ વચન સુની, ભયો ભરમકો ભંગ. ૧૧
મુક્તિ મુક્તિ શો કહે, જાકું બંધન હોએ;
કહે કલુ નીરબંધ લીઓ. ગયો ભરમ અબ મોહે. ૧૨
પરવાના પરીબ્રહ્મકા, શો પાયા ઘટ માંહિ;
કહે કલુ પરવાના પાનકા, દો દીનમે સુક જાએ. ૧૩
પંડિત કરમ બતાવહિ, ગુરૂ કહે કર શેવ;
કહે કલુ સ્વારથકે લીએ, કહે ને આતમ ભેવ. ૧૪
સાધુ બાવા બન રહે, કરેન બ્રહ્મ વિચાર;
જગત છોડ જગતમેં અટકે, શો કીયું પોંચાવે પાર. ૧૫
સાધુ બાવા હોઇકે, સમજાવે નહિ મન;
કહે કલુ જગતસેં મલી, ધુત લેતહે ધન. ૧૬

બીના સમજના કીજીએ, સાધુ બાવેકો સંગ;
કહે કલુ સમજી કીજીએ, જ્હાંસે લગે હરિકો રંગ. ૧૭
કયું પ્રભુ કુંના ભજે, રહ્યો માયામેં લીન;
કહે કલુ પીછે પસ્તાયગો, જેસુ કરીત કછુન કીન. ૧૮
ચેત ચેત દીન જાતહેં, ગયો શો નાવે ફેર;
કહે કલુ પ્રભુ ના ભજે. તાકું કાલ લેગઓ ઘેર. ૧૯
કાલ જાકું લેતહે, તાકી હોત પોકાર;
કહે કલુકે હાલરે ભયે, કરત નહિ વિચાર. ૨૦
રંક રાવકું મારહિ, મારે મીર ઓર પીર;
કહે કલુ એક દીન આયગો. તો શીર મારે તીર. ૨૧
પ્રભુ કાલકો કાલહે, કાલ પ્રભુ આધીન;
કહે કલુ શો પ્રભુમે, મનકું કીજે લીન. ૨૨
મન તું આ સંસારમે આયો કેતી વાર;
કહે કલુ અબ બસ કરો, સમરો સરજન હાર. ૨૩
પ્રભુ સમરે સુખ ઉપજે, ટળે જગત જંજાળ;
કહે કલુ સોહં સમરલે, દુજો તજ મન ખ્યાલ. ૨૪
સાસ ઉસાસે સમરીએ, સોહંસોહં નામ;
કહે કલુ યા મંત્રસે, પાબે પુરણ ધામ. ૨૫
મન કલ્પના છોડદે, કરેલે બ્રહ્મ વિચાર;

કહે કલુ જે ભજન હાર, તામેં ફેરના ફાર, ૨૬
ફેરફાર વો કરેશ કે, તોતું હે બડે ભાગ;
કહે કલુ ગ્નાન અગ્નિ લે, દે આશાકું આગ. ૨૭
આશાતા વાસા કહે, તાતે આશા છોડ;
કહે કલુ જગતસેં તોડકે, દે બ્રહ્મમેં જોડ. ૨૮
સોહં પુરણ બ્રહ્મહે, તામેં સુખ અપાર;
કહે કલુ મનતામેં રહો, તુચ્છ સુખહે સંસાર. ૨૯
અવિનાશી સોહી દેવહે, કીનો સબ સંસાર,
ઉપજાવી પાલન કરે, આપ કરે સંહાર. ૩૦
પંચભૂત બનાયકે, આપમો લે તન માંહી;
કહે કલુ અનંતરચના કરી, કીનકી દ્રષ્ટીન આહી. ૩૧
ગ્નાન દ્રષ્ટી કરી દેખીએ, ભેદ દ્રષ્ટી કરી દુર;
સબમેં ચૈતન્ય એકહે, કહે કલુ ભરપૂર. ૩૨
બાહેર વૃતિ જો ફિરતહે, તાકું ભીતર આણ;
ભીતર સોહં બ્રહ્મહે, કહે કલુ મન જાણ. ૩૩
જાન પુરૂષહે સબનીમેં, જાનીન શકે કોઈ;
કહે કલુ મનકું ફેરીકે, દેખ આપમે સોઈ. ૩૪
દેહ દેવલમેં દેવહે, ચૈતન્ય તાકો નામ;
કહે કલુ તાહી સમજલે, ઔર દેવ ક્યા કામ. ૫૩

દુરસેં ધુંવા દેખકે, અગ્નિ જાનીએ તાંહિ;
કહે કલુ જ્યાં પ્રાણ ચલે, ત્યાં ચૈતન્યહે માંહિ. ૩૬
ચૈતન્ય સતવાલી ભહી, તાઘટ ચલેન પ્રાણ;
કહે કલુ જે પ્રાણપતિ, તાકું લીજે જાણ. ૩૭
પ્રાણ ચલે ત્યાં પ્રાણપતિ, તામે શેસા નાંહિ;
કહે કલું એસે સમજકે, મગન રહો મનમાંહિ. ૩૮
હું કહેતાં ચેતન લખો, ચૈતન્ય બનહું ન હોય;
કહે કલુજા ઘટ ચૈતન્ય નહિ, હું કહેત નહિ સોય ૩૯
હું ચૈતન્યસેં ભીન નહિ, ચૈતન્ય હુંસો જાણુ;
કહે કલુ હુંતું ભેદ તજી, લે ચૈતન્ય પીછાન. ૪૦
જાગૃત સુપનને સુસ્પતિ, તાકો હેજે જાન;
કહે કલુ મન તાંસુ મીલો, મટજાએ ચારો એખાન. ૪૧
સુપનકી ક્રિયા અલ્પહેં, ફરીન આવે આંહિ;
કહે કલુ જાગૃતકી રચના, નિત્ય નિત્ય દેખો સોહિ. ૪૨
સુપનમેં જાગૃત નહિં, નહિ સુસુપતિ માંહિ
કહે કલુ તોએ જાગૃત સોઇહેં, દેતદોનોકું લખાઈ. ૪૩
સુખ દુઃખ જાગૃતમેં ઉપજે, સુપનેમેંબી હોય;
વૃતિ સુસુપતિમેં ધરો, તો સુખ દુઃખ નહીં કોય. ૪૪
જાગૃતમેં જીવ સર્વ બ્રહ્મ, કદી સુસુપતિમે કબી હોય;

સુસુપતિમેં તીનો નહિં, નામ રહિતહેં સોહિ. ૪૫
નામ રહિત કે નામ રૂપસબ, દીશે જાગૃત માંહિ;
કહે કલુ સ્વપનમેં અલ્પહેં, સુસુપતિમેંસો નાહિ. ૪૬
આપ જાગૃતમેં આયકે, કરતહેં સબ ખેલ;
કહે કલુ જબ ખુશી નહિં, તબહી દેતહે મેલ. ૪૭
જાગૃતકો સબ ઠાઠહે, દીસે જાગરત માંહી,
કહે કલુ જાગૃત ગઈ, તબ કછુ દીસત નાંહી. ૪૮
નામ રૂપમેં રેતહેં, નામ રૂપસો નાંહી;
નામ રૂપ એ આમે નહીં, દેખો સુસુપતિ માંહી. ૪૯
દેહ અધરી જબ થીર ભએ, મીટે જગતકો ભાન;
કહે કલુ મનકે સંકલ્પ મટે, વાકું સુસોપતિ જાન. ૫૦
જાગૃત સુપન જાશે ભએ, લે લીતામેં હોએ;
કહે કલુ શો સુશોપતિ, પરખે જેસી જોએ; ૫૧
ચેતન સબમેં રમી રઓ, સો ચેતનમો માંહી;
કહે કલુ નામ રૂપમેં રેતહે, પણ નામ રૂપસો નાંહી. ૫૨

કચ્છી ભાષામાં શાખીઓ.

(મેકણની શાખીઓના સ્વરેમાં)

પેલાની ગુણે શંકે સમરજે, જેકે શીવદનો વરદાન,
પણ ભગત નીકલુ ચેએ વીધન નથી કમમે,

ઈચેતા વેદ પુરાણ. જીનામ, જીનામ, જીનામ તારાનામનેરે
સમજ સમજ મન માહેલા, વળી કે મને રખજે આશ,
પણ ભગતની કહુ ચે આશ રખજે અલામે,
જોકો કેકેન કરે નીરાશ. જીનામ, જીનામ. ૨
અંધે જો સંગ નકજે, વરીકજે સજેજી આશ,
પણ ભગતની કહુ ચે અંધા જવે ઝઘાખદમે,
તેકે સજા કઢંધા બાર; જીનામ, જીનામ. ૩
એડાન ગુરૂ કજે; જોકો પંઠ બુડેને બેકે બોડી,
પણ ભગતની કહુ ચે ગુરૂજ કજે ગ્યાની,
જોકો પંડતરે બેકે તારી; જીનામ, જીનામ. ૪
પુરણ બ્રહ્મ જેજે મનમે વશે, વળી પાંકે સમજાઇએ સાર
પણ ભગતની કહુ ચે તનમન તેકે સોંપજે,
જેકો પુજાઇડીએ પાર; જીનામ, જીનામ, ૫
એડેજ સંતકે ઓળખી, વળી તેં જાજથી જે દાસ,
પણ ભગતની કહુ ચે તેજી સેવા કજે,
જોકો છુટાઈ દીંએ જમજો ફાસ; જીનામ, જીનામ. ૬
મુરખ જાણે મરીબા, પણ હજી મુરખ અજાન,
પણ ભગતની કહુ ચે મુરખ તેકે જાણજે,
જોકો બેજી ગીલા કરેન; જીનામ, જીનામ. ૭

એડાની મિત્ર ન કરજે, જોકો પીંઢ મુઠાને બેંકે મુસાંઈ,
પણ ભગતની કલુ ચે મીત્ર કરજે ઉનીકે,
જોકો પીંઢ છુટે ને બેંકે છુટાઇ. જીનામ. જીનામ. ૮
આંસે મીઠી ઊંગાલીજી કરી, વળી મનમેં રખેતા કુળ,
પણ ભગતની કલુ ચે ઇની ભડવેંજે,
મોમેજ પોધી ધુળ; જીનામ, જીનામ. ૯
સંગ કરેજા સારેજી. તડે અચોધી સારી મત;
પણ ભગતની કલુ ચે સંગ કંધા મુરખેજો,
તેજી ઘટી વેંધી ઇઝત. જીનામ, જીનામ. ૧૦
સમજ્યા ન જડેં સાનમેં, તડેવજાઈ ચાંતો ઢોલ,
પણ ભગતની કલુ ચે મુંજા બોલ,
તેંજો કોઇક કરદ્યો તોલ; જીનામ, જીનામ. ૧૧
ભજન કજેં તો ભેદ સમજ્જે, વળી ઠલા નદીજે રાડ,
પણ ભગતની કલુ ચે રાડું કે રામન મીલંદ્યાં,
આં ઉવજાઇચાં તો તાડ; જીનામ, જીનામ. ૧૨
પંજે પંઝીએકે ઓળખી, વળી તેંક્રનાં રોજે ધાર,
પણ ભગતની કલુ ચે તેમ જે અટક દ્યો,
શે ખેંપો જમજી માર; જીનામ, જીનામ. ૧૩
જાગરત સુપન ને સુસોપતિ, વળી તેંઝો અંઇએ તું જાણુ

પણ ભગતની કહુ એ થીંને અજાણ,
તો ફરને ચારો એ ખાણ; જીનામ, જીનામ. ૧૪
જનમ મરણ કાયા કે વરી, ખુધા પાસ પ્રાણ,
પણ ભગતની કહુ ચે હરખશોક મનકેંથીએ,
તુંતાં તેંજો અઇએ જાણ; જીનામ, જીનામ. ૧૫
કનેંવારામે થોડા દીઠા, વળી ઓડે જોનાં એ પાર,
પણ ભગતની કહુ ચે ઓડા તેંકે જાણજે,
જોકો શુણેને ન કરીએ વિચાર; જીનામ, ૧૬
ખાવે ખીરા મંગાઇ કરી, વળી ઢાંઢોજ ખડકયો ગચ,
પણ ભગતની કહુ ચે ધીવેધો;
તડે ટાંઢે કેયો મચ. જીનામ, જીનામ. ૧૭
ઢાંઢે મીજા ભડકો થયો, તેં કેમ જોતાજોત,
પણ ભગતની કહું ચે એડીયુ જોતુંતાં ધરોધર બરે
પણ મંઝલી જોતકે ગોત. જીનામ, જીનામ. ૧૮
ભોરા જમાડુ સંસારમે, વળી સમજી ન સગેં સારે,
પણ ભગતની કહુ ચે સાર અસારજો,
કોઇકજ કંધો વિચાર. જીનામ, જીનામ. ૧૯
કોરી નારી અરલા ચેલા કરીએ, વળી ચેલેકે નપુજાઇએપારે
પણ ભગતની કહુ ચે એડેં ગુરૂએ લાંતા,

દોઝક આંએ તૈયાર. જીનામ, જીનામ. ૨૦

શાખીઓ પ્રશ્નવાળી ગુજરાતી ભાષામાં.

આત્મા આત્મા સૌ કહે, વળી આત્માનો ક્યાંછે ગામ.
પણ ભગતની કલું ચે ગંગારામ,
તમે બતાવી દેજો ધામ; જીનામ, જીનામ. ૨૧
કેને ઘરે આત્મા ઉપજ્યો, ને વળી કેણેજ નાખ્યો નામ
પણ ભગતની કલુ કહે ગંગારામ,
એ શુંજ કરેછે કામ. જીનામ, જીનામ, ૨૨
સંગત વિના નામજ ન પડે, વળી ઘાટ વિના ન કહેવાયજ રૂપી,
પણ ભગતની કલુ કહે ગંગારામ,
તમે સમજીજ લેજો સ્વરૂપ. જીનામ, જીનામ. ૨૩
આકાશ વાયુ ને તેજવળી, જળ પૃથ્વી એ પાંચ,
પણ ભગતની કલુમ કહે ગંગારામ;
એ કેણેજ બનાવ્યા સંચ; જીનામ, જીનામ. ૨૪
આત્મા પોતે એ કરતા, એમ કહેછે વેદ પુરાણ;
પણ ભગતની કલુ કહે ગંગારામ,
ત્યારે કેણે બનાવી ચારે ખાણ; જીનામ, જીનામ. ૨૫
ચાર ખાણમાં ચોરાશી લાખ, વળી જુદી જુદી જાતના જીવ
પણ ભગતની કલુ કહે ગંગારામ,

, જીવ છે કે શીવ.   જીનામ, જીનામ. ૨૬
જીવ કેને કહીએ ક્યાંથી આવ્યો, વળી શા કારણુ આવ્યો આંહ
પણ ભગતની કલુ કહે ગંગ;રામ,
જીવ પહોંચે કયાં જઇ.   જીનામ; જીનામ. ૨૭
પ્રેમરે એકલો શું કરે, જો પ્રતિત પાસે ન હોય,
પણ ભગતની કલું કહે ગંગારામ,
પ્રેમતો હસે કાં રોય.   જીનામ, જીનામ. ૨૮
શાસ ઉસાસે સમરીએ, વળી સોહં સોહં નામ,
પણ ભગતની કલુ કહે ગંગારામ,
તારે પહોંચીએ પૂરણુ ધામ.   જીનામ, જીનામ. ૨૯
ગગન દેવરી માંહે, તું કાયાનો અંતરે જાણુ,
પણ ભગતની કલુ કહે ગંગારામ;
મધુરી મુરત ને માંહે મગ્માણુ; જીનામ જીનામ. ૩૦

કચ્છી ભાષામાં ભેથ સ્વર કારાઇડો.

મસતી ખોલ, ને ઠેકરી, તેમેંજ ખોયો તાડીં,
પણ ભગતની કલુચે એ બાબતનતા કરીઓ.
પોએ આંશિજથીં વોકીં અલામીયાં, અલા, મીયાં અલાએ.
૪ બાબતકેંજ અલાજી, જેંપાંકે ભનાયો ઇનશાન,
પણ ભગતની કલુચે તેંકે પલન વીસારજે,
ઇનજો દીલમેં રખજે ધ્યાન.   અલામીયાં, અલાએ. ૩૨

આવૈંજ બંધા તુ હેકલો, ન હલંદો તોજેકી સાથ,
પણ ભગતની કલુચે કુડો અપે ડાઠ,
તેંમે વઝંદો ઝમ બાથ. અલામીયાં, અલાએ. ૩૩
સમજ સમજ મન માહેલા, વળી કેંમેન રખજે આશ,
પણ ભગતની કલુચે આશ રખજે અલામેં,
જોકો કેંકેન કરીએ નીરાશ. અલામીયાં, અલાએ. ૩૪
મન શોભા કરીએ તો પર ભોમજા, વરી થકીજ વેંજેતો હીત,
પણ ભગતની કલુચે નતો કહીએ પંધ,
શે પુજને કત. અલામીયાં, અલાએ. ૩૫
આળસ નકજે બેઠીઆ, વળી નીત નીત* કજે પંધ,
પણ ભગતની કલુચે પંધ કજે અલાડીંઆ,
તેંકે ન નડે દુનીઆજો ફંધ. અલામીયાં, અલાએ. ૩૬
પંજે પડદેમેં માલક વસે, ઉતેં ચોકીંઊ અહીએ અપાર,
પણ ભગતની કલુમે ઉતેસેં પુજધા,
જોકો થીંધા પજીએ કનાં ધાર. અલામીયાં, અલાએ. ૩૭